

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પક્ષા-પક્ષીમાં વિકાસ કામો આચરી નથી શકતા,*
*આ મારું, આ તારું માં વિસ્તાર આવરી નથી શકતા,*
*આદરી નથી શકતા, કૈં પણ આયોજન મુજબ -*
*ફાળવેલી ગ્રાંટો પ્રજા માટે, વાપરી નથી શકતા..*
*(કરોડોની ગ્રાંટ નથી વાપરી - કેગ)*

હાઈકુ

*લાગી છે લત!*
*રેડીયો-ટીવી-વિના,*
*રહે છે મૌન!!*
*(ચૂંટણીનું વ્યસન)*

*ડૂબતા પક્ષો*
*એકતાના તરણે -*
*તરે ચૂંટણી..*
*(સ્વાભિમાન રેલી)*

### ચિંતન

**યથા ખનન્ખ નિત્રેણ નરો વાર્યધિ ગચ્છતિ । તથા ગુરુગતાં વિદ્યાં શુશ્રુપુરધિ ગચ્છતિ ॥**

'જેમ તિકમ-કુહાડીથી ખોદતાં ખોદતાં માણસ ઊંડા રહેલાં પાણીને પણ પામે છે તેમ ગુરુદેવની સેવા-સુશ્રુષામાં શ્રદ્ધા-વિશ્વાસ રાખી એમાં જ રચ્યો-પચ્યો રહેનાર શિષ્ય ગુરુ પાસે રહેલી ગૂઢ વિદ્યાને પામે છે.'

પ્રાચીન સમયથી આશ્રમશાળા અને તપોવનમાં શિક્ષણ અને સંસ્કાર મેળવી રાજકુમારો (કૃષ્ણ જેવા) અને ગરીબ બ્રાહ્મણ (સુદામા જેવા) સમાનભાવે - શિક્ષણ મેળવવામાં પ્રવૃત્ત હતા. ત્યાં રહી ગુરુ-ગુરુપત્નીને જ માતા-પિતા સમજી એમની સેવા સુશ્રુષા કરતાં તેમનાં પ્રેમાળ સ્નેહ એમને 'આશીર્વાદ' સ્વરુપે ફળતો હતો.

'ગુરુ' એ વ્યક્તિ નથી. માણસ - બાપુ કે શરીર નથી - એ 'તત્ત્વ' છે. એને 'તત્ત્વ' જેમ સમજી એમના 'તાત્ત્વિક સ્વરુપ' ને પૂજવા-ભજવાથી જે તત્ત્વના અંતરના આશીર્વાદ મળે એ જ ફળે છે. એટલે જયારે તમે ગુરુ ને ભજો છો ત્યારે 'માનવીય શરીર નથી' 'તાત્ત્વિક ગુરુ અંશ' છે એમની અર્ચના-પૂજા કરો ગુરુપદ તરફ અટલ શ્રદ્ધા-વિશ્વાસ હોવાં આવશ્યક છે.

### સુવિચાર

- જયારે વ્યક્તિ દુઃખી થાય છે ત્યારે તે આત્માથી પણ વિમુખ થઈ જાય છે,
  અશૌચ એટલે અશુદ્ધ બનવું, જે પોતાના આત્માથી વિમુખ થયો છે - **શ્રી શ્રી રવિશંકર**
- જેને 'સ્વ' ઉપર વિશ્વાસ છે,
  અને પોતાના સાથીઓના વિકાસમાં જેને આનંદ છે તે જ યુવાન - **અમૃતબિંદુ**
- જેની નૈતિકતા પ્રત્યે આસ્થા હોય પરંતુ તેના માટે લડી લેવાની હિંમત ન હોય
  તેની પાસે ગમે તેટલી ડીગ્રી હોય પણ તેને સુરક્ષિત ન કહી શકાય - **સરદાર પટેલ**
- માણસના વિકાસમાં આડી આવતી નાની છતાં ખતરનાક કહી શકાય તેવી વાત છે
  'અનિયમિતતાની કુટેવ' - **નારાયણ મૂર્તિ**
- માણસને એટલો ભગભર બનાવી દેવો કે
  દાન વિના જ કામ ચલાવી શકે એ પણ એક જાતનું દાન જ છે - **ચાણક્ય**
- પ્રેમ કરારેય ભૂલોનો દસ્તાવેજ રાખતો નથી - **ખલિલ જિબ્રાન** **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના રાજાઓ - મુખ્યપ્રધાનો-વડાપ્રધાનો સત્તામાં આવ્યા પછી માનવીય મર્યાદા ભૂલી જાતે કોઈ 'વરિષ્ઠ વ્યક્તિ' એવી ગેરસમજ ધરાવે અને સત્તામાં બેફામ બની કુકર્મો કરે છે. અંતે તો એ બધાંનું ફળ ભોગવવાનું આવે જ છે.

અમીરગઢનો રાજા શક્તિશાળી અને અભિમાની હતો. વિસ્તારવાદની વૃત્તિથી અનેક નાનાં રાજયો પર યેનકેન પ્રકારે કબજો મેળવી ત્યાંના ધન-સંપત્તિનું શોષણ કર્યું અને માનવજાત ને હેરાન-પરેશાન કરી લૂંટી.

પરિણામે, રાજાના દુશ્મનો વધ્યા. કમાંડો વધ્યા અને પ્રાણઘાતક હુમલા વધ્યા - જયાં જાય ત્યાં કાળા વાવટા અને સૂત્રોથી સન્માન થતું.

રાજા દુખી અને સંત પાસે ગયો. કહ્યું : હું 'સમ્રાટ' છું પણ મને સંતોષ અને સુખ-શાંતિ નથી. લોકો મને ધિક્કારે છે મને પ્રેમ-સન્માન કેમ નથી મળતાં?!

સંત કહે 'રાજન! રાજાની શક્તિ સમ્રાટ થવામાં કે વિસ્તાર વધારવામાં નથી. ધાર્મિક - અધ્યાત્મ જીવન દ્વારા લોકોનાં સુખ-સુવિધા આપી એમને પ્રેમ પામવામાં જ સુખ છે બાકી મોટી-ખોટી યોજનાઓની જાહેરાતો અને ગરીબોનું શોષણ કરવાથી તો ધિક્કાર જ મળશે.'

# મોદીની વ્યૂહાત્મક પીછેહઠ

## તંત્રીસ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટાતાંની સાથે જેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો હતો તે એમની સંકલ્પના મુજબનું જમીન સંપાદન બિલ ત્રણ ત્રણ વટહુકમોને અંતે અદ્ધર થઈ ગયું છે. અગાઉની મનમોહન સરકાર દ્વારા પસાર કરાયેલ જૂના જમીન સંપાદન કાયદાને રોકાણકારો અને સરકારની અનુકૂળતા મુજબ એડિટ કરવાની એમની મંશા મનમાં જ રહી ગઈ છે. મૂળ બિલને તત્કાલીન ભારતીય જનતા પાર્ટીનું પણ સમર્થન સાંપડ્યું હતું, પરંતુ સુવાંગ સત્તા હાથમાં આવ્યા પછી ભારતીય જનતા પાર્ટીને એ સમયે યુપીએના જમીન અધિગ્રહણ બિલને સમર્થન આપ્યું તે ઉતાવળે ભરી દેવાયેલું પગલું લાગ્યું હતું. પોતે જ ખેડૂતોને સાચું હિત સમજતા હોય એમ મોદી અને એમની પાર્ટીએ જે નવું બિલ રજૂ કરવાનો પ્રયાસ કર્યો એમાં જાહેર હિત માટે જમીન સંપાદન કરવા માટે ગ્રામ પંચાયત કે જમીન ધારક ખેડૂતોને પૂછવાપણું જ નહોતું રહેતું. બજાર ભાવ જે ચાલતો હોય તે, પરંતુ જંત્રી મુજબના ભાવ કરતાં ચાર ગણું વળતર આપી દઈ સરકાર ખેડૂતોની જમીન સંપાદિત કરી શકે અને એ મુદ્દે ખેડૂતો કોર્ટનો આશરો પણ ન લઈ શકે, એવી જડબોલસાક વ્યવસ્થા ગોઠવી દેવાનો સરકારનો ઈરાદો ઉદ્યોગપતિઓને સરળતાપૂર્વક જમીનો ઉપલબ્ધ કરાવવા માગતા સરકારની ખેડૂતોને અનકૂળ ન જ લાતે તે સ્વાભાવિક છે. તેથી વિપક્ષો માટે સરકાર ને ઘેરવાનો આ સુવર્ણ અવસર બની રહ્યો, અને વિકાસના નામે ખેડૂત વિરોધી નવું જમીન સંપાદન બિલ પસાર કરાવવાના સરકારી પ્રયાસોને રાજયસભામાં જાકારો મળ્યો હતો. સરકાર પાસે બેઉ ગૃહોની સંયુકત બેઠક બોલાવી આ બિલ પસાર કરાવવાનો છેલ્લો વિકલ્પ હોવા છતાં મોદીએ વ્યૂહાત્મક પીછેહઠ કરવામાં જ શાણપણ જોયું છે. સામે બિહારની વિધાનસભાની ચૂંટણી ઊભી છે. વળી ગુજરાતમાં પાટીદાર આંદોલન મુદ્દે મોદી સામે પડકાર ઊભો થયો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ખેડૂતો જમીન સંપાદન મુદ્દે મોદી સરકારની નીતિની વિરુદ્ધ મતદાન કરે તો ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં જ એનાં વળતાં પાણી થઈ જાય. આ બધી શક્યતાઓ અંગે ગંભીર વિચારવિમર્શ ને અંતે વડાપ્રધાને ત્રીજી વખત કરેલા વટહુકમની મુદત પૂરી થયા બાદ હથિયાર હેઠાં મૂકી દઈ પોતે ખેડૂતોની ઈચ્છા વિરુદ્ધ કંઈ જ નહીં કરે, એવો સંકેત પાઠવવાનો પ્રયાસ કર્યો છે. વટહુકમની મુદત પૂરી થતાં હવે નવો વટહુકમ પણ નહીં આવે તેમ નવું બિલ પણ નહીં ચર્ચાય. જે તેર મુદ્દાઓ અગાઉના યુપીએ સરકારના બિલમાં સામેલ છે, તે ફરી પાછા અમલી બનશે. 'મન કી બાત'માં મોદીએ પોતે 'જય જવાન, જય કિસાન' ના નારાને મંત્ર સ્વરુપે સ્વીકારતા હોવાનો અને ખેડૂત એમને સૌથી વધારે હવાલો હોવાની રજૂઆત કરી બગડી રહેલી બાજી સુધારી લેવાનો મરણિયો પ્રયાસ કર્યો છે. જો કે મોદી ખેડૂત નથી, એટલે ખેડૂત નેતાઓને તો એમની મનની વાત હાંસીપાત્ર જ લાગશે.

# બનારસ અને બળવંતરાય



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સબ સુખીહો ભદ્ર સબહો, પુણ્ય દેશ પુકારતા હૈ,
ભાવરંગ સ્વભાવત, યહ ભારતીય ઉદારતા હૈ!

ગંગા કિનારે બેસીને જેમની આરાધનાના ઉપરના શબ્દોમાં આટલું ઊંડાણ તથા અર્થગાંભીર્ય છે તે ખરા અર્થમાં પ્રજ્ઞાચક્ષુ છે પ્રજ્ઞાવાન છે. જગતમાં વસતા તમામ ગુજરાતીઓ જેમના માટે સકારણ ગૌરવ લઈ શકે તે પંડિત બળવંતભાઈ ભટ્ટનું પુણ્ય સ્મરણ ઉપરના શબ્દો કાને પડતાજ થાય છે. અર્થસભર જીવનની શતાબ્દી તરફ આ મહાનુભાવ પગલાં માંડી રહેલા છે. તા.૨૩ નવેમ્બર-૨૦૧૪ ના રોજ અમદાવાદમાં યોજવામાં આવેલા એક કાર્યક્રમમાં તેમની કેટલીક રચનાઓ તથા સ્વરાંકનો સાંભળીને હાજર રહેલા સૌ ભાવવિભોર થયા હતા. પંડિત બળવંતરાય ભટ્ટ તથા તેમના ગુરુ તથા ગુજરાતનું ગૌરવ એવા પંડિત ઓમકારનાથજી ઠાકુર બાબતમાં એક ઐતહાસિક પ્રસંગ વિશે શ્રી રાજેન્દ્રભાઈ ભટ્ટે ધ્યાન દોર્યું હતું. ૧૫ ઓગસ્ટ - ૧૯૪૭ ના દિવસનો આનંદ સમગ્ર દેશમાં એક અથવા બીજા પ્રકારની ભવ્ય ઉજવણીના માધ્યમથી વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ શુભ દિવસની પરોઢે સ્વાધીન બનેલા દેશના ઓલ ઈન્ડીયા રેડિયોએ પ્રસારણની શરૂઆત કરી તે યાદગાર ક્ષણ હતી. સ્વાધીન દેશના તથા ઓલ ઈન્ડિયા રેડિયોના આ પ્રથમ પરોઢે 'વંદેમાતરમ' રજૂ થયું અને તે રજૂ કરનાર પંડિત ઓમકારનાથજી તથા પંડિત બળવંતરાય ભટ્ટ હતા. બન્ને સમગ્ર દેશના તથા ગુજરાતી હોવાથી વિશેષતઃ ગુજરાતના આભૂષણ સમાન વ્યક્તિઓ હતા. જોગાનુજોગ જેમની મંજૂરીથી આ પ્રસારણ શરૂ થયું તે પણ ઓલ ટાઈમ ગ્રેઈટ ગુજરાતી સરદાર વલ્લભભાઈ પટેલ હતા. આ મંજૂરી તેમણે સ્વતંત્ર દેશના પ્રથમ માહિતી તથા પ્રસારણ મંત્રી તરીકે આપી હતી.



દેશના મહાન સંગીતકાર પંડિત ઓમકારનાથ ઠાકુરના પટ્ટશિષ્ય પંડિત બળવંતરાય ભટ્ટે જીવનની અનેક સમસ્યાઓ સામે ઝઝૂમીને સિધ્ધિ મેળવી છે. શારીરિક સ્થિતિની વાસ્તવિકતા સ્વીકારીને સંગીતની અખંડ સાધના આ મહામનિષીએ કરી છે. ૨૩ સપ્ટેમ્બર-૧૯૨૧ માં તેમનો જન્મ ભાવનગરમાં થયો. આ રીતે આ માસમાં તેમની સ્મૃતિને પુનઃ તાજી કરવાનો તથા તેમના દીર્ઘ તથા સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરવાનો સમય છે. તેમની અનેક રચનાઓ છે. કેટલીક રચનાઓની પ્રસ્તુતિ સાંભળીને તેમની અગાધ શક્તિનું આછુ દર્શન થાય છે. તુલસીદાસજીની ચોપાઈઓની હરોળમાં ભી રહે તેવી તેમની રચનાઓ સદાકાળ તાજગીનું સિંચન કરી શકે તેવી છે.

નેત્રહીન તન મોહિ પ્રિય, ભયૌ નાદ સંધાન!
નારદસો વર પાયઉ, સીયરામ ગુનગાન!!
સીયરામ ગુણગાન ગીત, પ્રીત સો ગાઉં!
સ્વર પદ તાલ વિધાન, ભાવરંગ રંગાઉં!!

કેટલીક જાણીતી ગુજરાતી રચનાઓ તેમણે ખૂબજ સુંદર રીતે સ્વરબધ્ધ કરેલી છે. કવિ નાનાલાલની જાણીતી રચના 'શતદલ પદ્મમાં પોઢેલો' તેમજ કવિ બાલમુકુન્દ દવેની રચના 'આપણે તે દેશ કેવો' જેવી ચિરંજીવી રચનાઓ છે. સદભાગ્યે પંડિતજીના વિદુષી પુત્રી સુશ્રી લૈલિના ભટ્ટે એક સુંદર પુસ્તક લખીને પંડિતજીના ભાતીગળ જીવનનું વિદ્વત્તાપૂર્ણ આલેખન કરેલું છે.

બનારસનું નામ લેતાં જ પતિતપાવની સરીતા તથા યુગોથી માતૃ સ્વરૂપા ગણાય છે તે ગંગામૈયાનું સ્મરણ થાય. બનારસનું નામ લેતાં ગંગા ઉપરાંત કેટલાક તેજસ્વી તારકોનું પણ સ્મરણ થાય. ઉસ્તાદ બિસમિલ્લાહખાન, ગિરિજા દેવી, રાજન-સાજન મિશ્રા તેમજ એક અને અદ્વિતિય પંડિત રવિશંકર જેવા સાધકોની સાધનાના તપથી આ શહેર ઉજળું તથા ઉન્નત બનેલું છે. પરંતુ આ બધામાં એક નામ સૌ સંગીતપ્રેમીઓને તથા દરેક ગુજરાતીને અચૂક યાદ આવવું જોઈએ તે પંડિત બળવંતરાય ભટ્ટનું ધન્યનામ છે. આ મોંઘેરા કાઠિયાવાડી ગુજરાતીએ આપણાં પ્રદેશ તથા આપણી ભાષાને ગૌરવ પ્રદાન કરેલું છે. સંગીતની સાધનાનો ભેખ પહેરીને જીવનના નવ દાયકા પસાર કરી જનાર પંડિતજી માટે આદરભાવ થવો સ્વાભાવિક છે. કેટલાક ગુજરાતી ગીતોની રચનાઓ અમદાવાદમાં યોજવામાં આવેલા ગરીમાયુક્ત કાર્ક્રમમાં સાંભળી અને તેથી વિશેષ આનંદ થયો. હવે જયારે જયારે બનાસરનો ઉલ્લેખ થશે ત્યારે તેજ પુંજ સમાન પંડિત બળવંતરાયની સ્મૃતિ સહેજે મનને પ્રફુલ્લિત કરવા આવી જશે. તેમના દીર્ઘ તથા સ્વસ્થ જીવન માટે ઈશ્વરને પ્રાર્થના કરવાનો આ શુભ અવસર છે. પંડિત બળવંતરાય ભટ્ટના વિદુષી પુત્રી ડૉ. સ્વરવંદના શર્મા તથા પંડિતજીના પુત્ર શ્રી રાહુલ ભટ્ટ પણ સંગીતની અખંડ સાધનાને સમર્પિત અને સક્રિય છે તે જોઈ - જાણીને વિશેષ આનદ થયો. ગંગાના પ્રવાહની જેમ પંડિત બળવંતરાય ભટ્ટની સંગીતયાત્રા અદ્વિતીય તથા અભૂતપૂર્વ છે.

# ગધેડાને પણ તાવ આવે હો !



## વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

*આસમાં હે નીલાં ક્યૂં*
*પાની ગિલા ગિલા ક્યૂં*
*ગોલ ક્યૂ હે ઝમી*
*સિલ્ક મે હૈં નર્મી ક્યૂં*
*આગ મેં હે ગર્મી ક્યૂં*
*દો ઔર દો પાંચ ક્યૂં નહીં*
*પેડ હો ગયે કમ ક્યોં*
*તીન હૈ યે મૌસમ ક્યૂં*
*ચાંદ દો ક્યૂં નહીં*
*દુનિયા મેં હૈ જંગ ક્યૂં*
*બહેતા લાલ રંગ ક્યૂં*
*સરહદે હૈ ક્યૂં હર કહી*
*સોચા હૈ ? યે તૂને કયાં કભી*
*સોચા હૈ ? કી હૈ યે કયાં સભી*
*સોચા નહીં તો સોચો અભી*
*બહેતી ક્યૂં હૈ હર નદી*
*હોતી કયાં હૈ રોશની*
*બર્ફ ગિરતી હૈ ક્યૂં*
*દોસ્ત ક્યૂં હૈ રૂઠતે*
*તારે ક્યૂં હૈ ટૂટતે*
*બાદલો મેં બિજલી હૈ ક્યૂં*
*સન્નાટા સુનાઈ નહીં દેતા*
*ઔર હવાયેં દિખાઈ નહીં દેતી*
*સોચા હૈ સોચા નહીં તો સોચો અભી...*

દિવસને દિવસ જ કેમ કહેવાય ? પૃથ્વી ગોળ જ કેમ છે ? ચોરસ કેમ નથી ? ૧ + ૧ = ૨ જ કેમ થાય છે? હમણાં. 'રૉક-ઑન' ફિલ્મનું આ ગીત સાંભળ્યું અને મગજ ચકરાવે ચડી ગયું...

આવા પ્રશ્નો આપણને કોઈ બાળક પૂછે એટલે આપણે શું કરીએ? તેને સમજાવી પટાવીને બેસાડી દઈએ... અને વળી કોઈ હશે તો કહેશે કે બેસને હવે દોઢો થયા વગરનો? ગધેડાને તાવ આવે એવી વાત કેમ કરે છે? આવું સાંભળીએ ત્યારે સામે પૂછવાનું મન થાય કે તમે કેમ જાણ્યું કે ગધેડાને તાવ નહીં આવતો હોય ? કોઈ વેટરનરી ડૉકટરને જઈને પૂછો, તાવ તો ગધેડાને પણ આવતો હશે...

આપણે બધા ચોક્કસ ચોકઠા મુજબનું જ વિચારીએ છીએ. એથી વિશેષ કાંઈ આગવું વિચારતો નથી, અને કોઈ વળી હિંમત કરે તો એને ભેજાગેપમાં ખપાવી દઈએ છીએ.

સાર્ત્ર કહે છે કે પ્રત્યેક માણસનું મૌખિક અસ્તિત્વ છે, મનુષ્યએ કોઈ બહારની સત્તા કે થોપી દેવામાં આવતા વિચારોમાંથી નહીં પણ પોતાના જીવનમાંથી જાતે જ અર્થ કાઢવાનો છે... તેનો અર્ક નીચોવવાનો છે.

પરંતુ આપણે જેને જિંદગી સમજીને છીએ એ ખરેખર તો ચોકઠા છે, સ્કવૅરની માયાજાળ, જેમાં ફરજિયાત પણે પોતાને હસતા હસતાં કેદ કરી રાખવાનો છે. ઘણીવાર આપણને નગ્ન સત્ય, કોરું સત્ય કહી દેવાનું મન થાય છે, સામેવાળાની ખંધાઈ જોઈને તેને લાફો મારી દેવાનું મન થાય છે... પણ આપમે તેમ કરતા નથી. આપણે જાતે સ્વીકારેલી ગુલામીને આપણે મન ભરીને માણીએ છીએ...

**Beyond the Boundries** આપણે કાંઈ વિચારતા નથી, શા માટે આ ઘેટા ચાલમાં આપણે ચાલીએ છીએ ? જીવન શું છે ? ધ્યેય શું છે ? આવા બધા અઘરા લાગતા પ્રશ્નો આપણા મનમાં ઉપસ્થિત તો થાય છે પરંતુ આપણે તેની તરફ કદી ગંભીર થતા નથી... પણ વાત એ છે કે આપણું અસ્તિત્વ આપણું છે ખરું ? બીજાઓની ઈચ્છાઓ પ્રમાણે જીવતા જીવતા જયારે લાઈફ મોનોટોનસ લાગવા માંડે ત્યારે આવો પ્રશ્ન થાય છે. જીવનની રેસમાં દોડતાં દોડતાં આપણામાંના ઘણાને તો આ પ્રશ્ન પણ નહીં થતો હોય! આ બધું કામ તો કોઈ ચક્રમનું જ છે! આપણને તો ટાઈમ જ કયાં છે ? દોડતાં રહેવાનું બીબાઢાળ કચકડામાં રેડાતા રહેવાનું અને જીવતા રહેવાનું?

જિજ્ઞાસા એ આવિષ્કારની જનની છે... પણ હવે આપણને કોઈ અચરજ જિજ્ઞાસા, નવાઈ થતી જ નથી, આપણે બધું સ્વીકારી લેવાની વૃત્તિવાળા થઈ ગયા છીએ. આવું વિચારનાર અને પ્રશ્ન કરનારને આપણે 'એબ્સર્ડ' કે 'સનકી' માં ખપાવી દઈએ છીએ. પણ જો કે આ તો ખૂબ જૂનો નિયમ છે - અતિશય પ્રતિભાવશાળી હોવું એ એક શ્રાપ છે અને ધારદાર બુદ્ધિ હંમેશા હતાશાને દોરી લાવે છે... અને વળી દુનિયાની ટીકા તેમાં ઉમેરો કરે છે, કારણ કે આવા ભેજાગેપને સમજે એવો બીજો ભેજાગેપ તેને મળતો નથી... અને તે પ્રશ્નાર્થ ચિહ્નની જેમ ઉત્તર વિનાનો ફરતો રહે છે આ જ તેની નિયતિ છે.

પણ કરુણતા એ છે કે આપણે આપણી જિજ્ઞાસાને તો ટૂંપો દઈ જ દીધો છે, પરંતુ સાથે-સાથે કંઈક અલગ વિચારવાથી પણ દૂર રાખવા લાગ્યા છીએ. અત્યારે શિક્ષણ પણ એટલા માટે જ અપાય છે કે બાળક સિસ્ટમને અનુસરતા શીખે. ભણવાનું અને ભણાવવાનું પણ એક જ ચોકઠામાં ચાલે છે. બાળક આગવું સ્વતંત્ર વિચારતો થાય એ માટે શિક્ષણ નથી પણ ઉલ્ટું સ્વતંત્ર વિચારતો બંધ થાય તેની માટે શિક્ષણ છે.

બાળકની જિજ્ઞાસાને જ દૂધપીતી કરી દેવામાં આવે છે. કારણ કે તેના જવાબ પિતા કે શિક્ષક પાસે નથી. તેમના કાલાઘેલા કે સરળ લાગતા સવાલોના જવાબ આપણે આપી શકતા નથી. કારણ કે જે તે સમયે આપણી જિજ્ઞાસાને પણ દબાવી જ દેવામાં આવી હતી.

પણ યાદ રાખજો સફરજન વૃક્ષ પરથી નીચે પડે છે, એ બધાં જુએ છે, અને પડેલું સફરજન મજાથી ખાઈએ પણ છીએ! સફરજન ઉપરથી નીચે જ કેમ પડે છે? ઉપર તરફ કેમ નથી ગતિ કરતું? આવો ચક્રમ જેવો સવલા પણ કોઈ ભેજાગેપને જ થાય અને ન્યૂટન પણ કરોડોમાં એકાદ જ થાય છે.

આપણે બાળપણમાં જે વાર્તાઓ સાંભળી હતી તે આપણને સિન્ડ્રેલાના એક અલગ પ્રદેશમાં લઈ જતી હતી. જયારે વાર્તા કહેવાતી હોય ત્યારે બાળકના હાવભાવ જોયા છે તમે? એ સાંભળે કે કાળા ઘોડાએ પર્વત પરથી છળાંગ મારી ત્યારે એની આંખો ઉછાળા લેતી હોય છે, રાક્ષસ અને પરીની લડાઈની વાત આવે ત્યારે બાળક મુઠ્ઠી વાળીને જાણે રાક્ષસ સામે ઊભો હોય એમ મારી દેવા તત્પર હોય છે.

પણ ! હવે તો આવી વાર્તાઓ અને વાર્તાઓ કહેનાર દાદા-દાદી જ ઘરમાં રહ્યા નથી. કુટુંબ જ તૂટી રહ્યા છે. પછી જિજ્ઞાસા તો તૂટે જ ને !

*સોચા હૈ કી યે કયાં સભી !*
*સોચા નહીં તો સોચો અભી...*

- jayuoza@gmail.com

# પોતાને જે મળ્યું એમાંથી જેને નથી મળ્યું એવાને થોડું આપીને રાજી રહેવાની ઘટનાઓ અનુભવીએ કે જોઈએ ત્યારે માણસાઈના દીવડા પ્રગટે છે ને એના અજવાળા રેલાય છે



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'ના, મારે હવે જન્મદિવસ નિમિત્તે કોઈ પાર્ટી નથી કરવી, ના કોઈ ફ્રેન્ડ્ઝ, ના કોઈ કેક...'

સ્તુતિએ મમ્મી-ડૅડીને કહ્યું અને પરિવારના મોભી દાદી સહિત બધા જે રુમમાં બેઠા હતા ત્યાંથી ઊભી થઈને એ એના રુમમાં જતી રહી.

અમદાવાદમાં સ્થાયી થયેલો ઉચ્ચ મધ્યમ વર્ગીય પરિવાર, સંતાનોમાં બે દીકરીઓ, મોટી એન્જીનીયરીંગમાં અભ્યાસ કરે અને નાની સ્તુતિ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે.

સ્તુતિની શારીરિક ઊંચાઈ અને માનસિક સમજણ, બંનેનો વિકાસ ઉંમરથી ઘણો વધુ - સ્વભાવે અત્યંત લાગણીશીલ, ઘરમાં આવેલા મહેમાન પાછા જાય એ પણ એને ના ગમે. મોટી મોટી આંખો અને હસમુખો ચહેરો, મળતાવડો સમભાવ. એના ડૅડીના કાર્ય ફલકને કારણે ફરવાનો, સાધુસંતો- કલાકારોને મળવાનો અને આસપાસના સમાજ જીવનમાં બનતી ઘટનાઓને જોવાનો -સમજવાનો વિશેષ અવસર મળ્યો હતો એને.

બંને બહેનો વચ્ચે ખુબ સારી દોસ્તી, રક્ષાબંધનના દિવસે બંને એકબીજાને રાખડી પણ બાંધે, પરંતુ મોટી બહેન સ્તુતિને મજાક મજાકમાં ચીડવે પણ બહું, એને ગુસ્સે ન કરે તો એને ચેન ન પડે ! ઘરના સ્વજનો - મહેમાનો જુના પ્રસંગો યાદ કરે એટલે એ પોતાના બાળપણના ઢગલાબંધ ફોટા બતાવે,

'જો સ્તુતિ, મારા આટલા બધા ફોટા, તારા સાવ થોડા જ છે.'

બહારગામ ફરવા જવાનું થાય એટલે તુરંત કહેશે. 'જો સ્તુતિ હું તો આટલા બધાં ગામ ફરી આવી તારા એટલા પ્રવાસ નથી થયા.'

જન્મ દિવસની ઉજવણીની વાત આવે તો પણ તસ્વીરો બતાવેને ચીડવે,

'જો મારા જન્મદિવસ હું નાની હતી ત્યારે કેવા જોરદાર અમે ઉજવતા, ખુબ માણસો જમતા, સંગીતના કાર્યક્રમો મમ્મી-ડૅડી કરતાં આટલી બધી ગીફટ ને આટલા બધા જલસા...'

આ બધું સાંભળીને સ્તુતિને થતું કે મમ્મી-ડૅડીએ મોટી બહેનને વધુ પ્રેમ કરે છે ને મને ઓછો. પછી એને સમજાવવી પડે કે ઘરમાં પહેલું બાળક હોય એટલે સ્વાભાવિક છે કે બધા એને ખુબ વ્હાલ કરે.

'તો હું નાની બહેન બની એ મારો વાંક?' સ્તુતિ દલીલ કરે.

'જો તને મન થયું કે મારે લંડન ઑલ્મિપિક જોવા જવું છે તો તને લઈ ગયા ને? મોટી બહેન ઘરની કારમાં ફરતી ન હતી, તું ફરે છે ને? તને પણ જલસા કરાવ્યા જ છે' મમ્મી સમજાવે. એના પર વધુ વ્હાલ વરસાવે ને સ્તુતિ માની જાય.

આ વરસે પણ એનો જન્મદિવસ કયાં ઉજવવો? કોને નિમંત્રણ આપવું? ભોજનનું મેનુ શું નક્કી કરવું? રિટર્ન ગિફટમાં કઈ આઈટમ આપવી? વિગેરે પ્રશ્નો બાબતે ચર્ચા થતી હતી, વિકલ્પો ચર્ચાતા હતા. બે દિવસ પહેલાં જ બંને વચ્ચે મીઠો ઝઘડો થયો ત્યારે સ્તુતિએ મોટી બહેનને કહી દીધું હતું કે,

'હા, આખી દુનિયામાં તારી બર્થડે પાર્ટી જ શ્રેષ્ઠ, બસ! હું મારી રીતે મારો જન્મ દિવસ ઉજવીશ.'

એટલે આજે મોટીબહેન સાવ શાંત હતી, આયોજનની વાતમાં ઉમળકાથી રસ લેતી હતી, અને અચાનક સ્તુતિ લેખના આરંભે લખેલા વાક્ય સાથે રુમમાંથી જતી રહી. સહુને થયું મનાવી લઈશું... ત્યાં તો સ્તુતિ એક કાગળ લઈને આવી. હસતાં હસતાં કહે,

'મારો જન્મદિવસ ઉજવીશ જરુર, પણ' પાર્ટી કરીને નહિ. હું છેલ્લા એકાદ મહિનાથી વિચારતી હતી મેં કાગળ પર લખી પર રાખ્યું છે. સ્તુતિએ જન્મદિવસના ઉજવણીના વિકલ્પ લખ્યા હતા. સહુએ વાંચ્યા, આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. સ્તુતિએ લખ્યું હતું કે,

'મારા જન્મદિવસે આસપાસની બિલ્ડીંગ સાઈટના છોકરાઓને મીઠાઈ ખવડાવીશ, નિયમિત કારમાં બિસ્કીટના પૅકેટ રાખીશું, રસ્તામાં ગરીબ-ભૂખ્યા-ખાવાનું માંગતા બાળકો મળે તો એમને આપીશું, દાદીના ગ્રુપના વડીલો છે તેમને રજાના દિવસે દર્શને લઈ જઈશું, એમના ચહેરા ઉપર આનંદ જોઈને મને થશે કે મારો જન્મદિવસ ઉજવાઈ ગયો.'

સહુ એને ભેટી પડ્યા. સ્તુતિમાં જાગૃત થયેલી સમજણ - એના હૃદયની સંવેદના અને બીજાને રાજી રાખવાની ભાવના સહુના ચહેરા પર આનંદનો અહેસાસ આવી ગઈ.

મોટી બહેન એને વળગી પડી તો સ્તુતિએ એનો ગાલ ખેંચીને કહ્યું,

'તારે તો હવે મારા જન્મદિવસની વિશિષ્ટ ઉજવણી માટે પાર્ટી આપવી પડશે ઢગલાબંધ ચૉકલેટની...'

અને સહુ હર્ષના આંસુ સાથે સ્તુતિની ઈચ્છા મુજબ જન્મદિવસની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા.



આર્થિક રીતે સંપન્ન, પરિચિત સ્વજનોને પાર્ટી આપીને નહિ, પરંતુ ગરીબને, અજાણ્યાને, જરૂરિયાતવાળાને મોં મીઠું કરાવીને એના ચહેરા ઉપર હાસ્ય જોઈને પોતે રાજી થવાનો સ્તુતિનો આ ઉપક્રમ હવે નિયમિત થઈ ગયો છે.

અવસર તિથિ - પંચાગ કે કૅલેન્ડર મુજબ બહારથી આવે છે પરંતુ એને ઉજવવાનો આનંદ-ઉલ્લાસ અંદરથી આવે છે અને આનંદ અન્ય લોકો સાથે વહેંચીએ ત્યારે અવસર વીતી ગયા પછી પણ આનંદ તો સતત વધતો જ રહે છે.

જન્મદિવસ-લગ્નતિથિ-સ્વજનોની પુણ્યતિથિ કે અન્ય પ્રસંગોએ ગરીબને - જરૂરિયાતવાળાને - સાવ અજાણ્યાને ભોજન કરાવવું, ઉત્સવોના અવસરોને એમને વસ્ત્રો કે રમકડાં કે ફટાકડાં લઈ આપવા, વૃદ્ધાશ્રમના વડિલોને તીર્થયાત્રા કરાવવી, ઘર કે કંપનીમાં કામ કરતાં ચોકીદાર, ડ્રાઈવર કે કામ કરવાવાળાની દીકરીના લગ્નમાં એને આર્થિક મદદ કરવી જેવા પ્રસંગો સમાજજીવનમાં સતત વધી રહ્યા છે. પોતાને જે મળ્યું એમાંથી જેને નથી મળ્યું એવાને થોડું આપીને રાજી રહેવાની ઘટનાઓ અનુભવીએ કે જોઈએ ત્યારે માણસાઈના દીવડા પ્રગટેછે ને એના અજવાળા રેલાય છે.

- **તેજપૂંજ :**

*કિસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર,*
*કિસી કા દર્દ મીલ સકે તો લે ઉધાર,*
*કિસી કે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર*
*જીના ઇસી કા નામ હૈ.*

**- શૈલેન્દ્ર (ફિલ્મ અનાડીના ગીતનું મુખડું)**